## પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ, આણંદ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી

પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ ખાતે રક્ષાબંધન ઉત્સવના કાર્યક્રમની ઉજવણી ૬ ઓગસ્ટ, ૨૦૨૨ને શનિવારના રોજ કરવામાં આવી. તેમાં પોલીટેકનિક તેમજ બેકિંગ ટેકનોલોજી કોર્સમાં અભ્યાસ કરતા પંચાવન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનિઓ જોડાયા હતા. રક્ષાબંધનની ઉજવણીની શરૂઆતમાં સૌપ્રથમ પોલીટેકનિકના આચાર્ય ડૉ. કેશવ કામળિયા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો અને રક્ષાબંધનનું મહત્વ સમજાવવામાં આવેલ. તેમજ મોબાઈલના ઉપયોગ અને શરૂઆતથી અંગેજી માધ્યમમાં શિક્ષણ દ્વારા ભુલાતી જતી સંસકૃતિને રક્ષાબંધન જેવા ઉત્સવો દ્વારા કઈ રીતે ઉજાગર કરી શકાય તે સમજાવ્યું. ત્યારબાદ બ્રમકુમારીના રીનાબેન દ્વારા વ્યક્તવ્ય આપવામાં આવ્યું. તેઓએ વિદ્યાર્થીઓને રક્ષાબંધન વિષે સરસ રીતે સમજાવ્યુ અને આજના દિવસે ઓછામાંઓછી એક ખોટી આદત છોડવાનું વચન લેવાનું કહ્યું. ત્યારબાદ બ્રમકુમારી બેનોએ આચાર્ય અને કર્મચારી ગણ તેમજ તમામ વિદ્યાર્થીઓને રાખડી બાંધી અને સર્વેને મીઠું મોઢું કરાયું. આ કાર્યક્રમમાં બેકરી શાળાના વડા ડો. દેવેશ પટેલ પૂર્ણ સમય હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન પ્રો. મીનાક્ષી પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલ જેમાં નીલમ ઝાલા દ્વારા મદદ કરવમાં આવેલ.











